ॐ

॥ श्री रामचंद्राय नमः ॥

પ્રેમાંજલી.

ભાગ ૧ લો.

હરિગીત છંદ.

પ્રેમાંજલી મહ ગ્રંથનું આ પ્રથમ રત્ન વિચારજો,
નિજ દોષ દુર કરી સકળ જન સદ્‌ગુણોને ધારજો,
સદ્ધર્મને ધારી હૃદય ત્રય તાપ ટાળી ઠારજો,
વળી અન્ય રત્ન વિચારી, નિજકુળ, આપ તરિને તારજો.

વૈદ્ય, ગી. ગી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

માસ્તર પ્રાણજીવન જેષ્ટારામ દવે હળવદવાળા.

પ્રત-૧૦૦૦.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૦.

આ પ્રેમાંજલી ભાગ ૧ લાનો સઘળો ખર્ચ પુન્યાત્મ હૃદયની ભાગ્યવંતી બાઇઓ તરફથી મળ્યો છે, તે ભક્ત ભગીનીઓને શ્રી રામચંદ્રજી સહાય કરો, એવું હું ઇચ્છું છું, અસ્તુ.

લી૦ બાળકૃષ્ણ રામજી ભટ્ટ.

મુંબઈ:—

નાગદેવી સ્ટ્રીટ, નંબર ૩૩૨-૩૩૪,

શ્રી "સરસ્વતી" પ્રીન્ટીંગ પ્રેસમાં

મગનલાલ જગજીવનદાસે છાપી છે.

૧

(રાગ ધનાશ્રી.)

રાધે કૃષ્ન હરિ ભજ મન રાધે કૃષ્ન હરી.
શ્યામ સુંદર પ્રભુ સત્ય સ્વરૂપી,
ભવ જગ તારણ અનેક રૂપી.
વંદું હું વિનય કરી.-- ભજ મન૦
જુગ જુગમાં કર્યું ભકતોનું રક્ષણ,
ધર્મને માટે ધાયા તત્ક્ષણ
પ્રથમ સ્મરૂં શ્રી હરી.— ભજ મન૦

ગી. વી.

૨

જયતિ જગત પતિ તારી ગહન ગતિ,
તારી કૃપા જો રતી નાસે સહુ આપતી-જય૦
અદભુત લીલા તાહરી વર્ણવી કવી ન શકે
શેષ ન પામે પાર જ્યાં સ્થંભે સારદા મતિ-જય૦
જળ ત્યાં સ્થળ કરનાર તું, સ્થળ ત્યાં જળ તું કરે
તું પૂરણ મન કામના વિનવી માયાના પતિ-જય૦

૩

મોરલીધર વ્રીજધર ગીરીવરધર છો સકળ જગત આધાર,
અહલ્યા ઉગારી, મીરાંબાઇ તારી, પ્રભુ એજ રામ અવતાર-
મોરલીધર૦
અંતર જામી, અવીચળ નામી, ઇંદીરાપતિ પ્રભુ ગરૂડા ગામી
સચ્ચીદાનંદ નિરાકાર.— મોરલીધર૦

૪

ત્રાતા ત્રીભુવનના તારક પાલક તુજ ભકતોના—ત્રાતા૦
દેવ બ્રહ્માદીક પાર ન પામ્યા અગમ નીગમ તુજ ગતીના-ત્રાતા
અમુલ્ય અવસર આ આવ્યો છે વિપદ વિદારી લે તારી લે-
ત્રાતા૦
હદ વળી છે પ્રભુ હાય હિંદમાં. કુટીલ કળી કેશ કૃત્યોની- ત્રાતા.

૫

મોહનજીની માળા લીધી કર વિશે,
રસિયાજી વિના કેમ રજની જશે.—મોહન૦
જાળ દીસે આ જગતની જુઠી,
ખાલી જેવી વાયુની મુઠી,
હવે ચીત્ત મારૂં હરિ ચરણ જશે.—મોહન૦

અર્પ્યુ હવે તન મન ગીરધારી,
દાસી ભવો ભવની પ્રભુ તારી,
ગીરધારી વીના હવે કેમ ગમશે.–મોહન૦
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ વ્હાલા,
ભક્તી માગુ હે નંદલાલા વ્હાલા,
આપ વસો મારી નસો નસે.––મોહન૦

૬

ગોવીંદ હરિ ભજો કળાપતી, કાપો કષ્ટ કૃપાળુ કીરતારરે.–હ૦
પ્રહલાદની પ્રભુ વારે ધાયા, પુર્યા છે પાંચાલીના ચીરરે.–હ૦
હરિશ્ચંદ્ર રાજા વેચાણો નીચ ઘરે, અંતે પ્રભુજીએ કરી
સહાયરે.–હરિ૦

૭

ભલા ભવનાથને ભજને જુઠી જંજાળને તજને (૨)
કુટીલ નહિં કળાથી કાંપી દીધા નિરદોષીને ચાંપી–જુઠી૦
પળપળ વિપળ પાપી પ્રપંચી ધૃમાડે ધાપો મારે
માયાની મીઠ્યા મોટપમાં જીવ સળગો તું હારે રે
કાયા માયા મૃગજળ સરખી ખેલ ખલકનો ખોટોરે
કાળચક્ર નહિં મેલે જાતો આ પાણીનો પરપોટોરે

૧

ખાલી હાથે આવ્યો જીવડા, જાવાનો પણ ખાલીરે
કોડી એક નહિં કામજ આવે ભુલ્યો ભમે શું ભાળીરે
સુખ દુઃખ સઘળા મનનાં સાથી મન માયાનું રાગીરે
સત્વે સત્વે મનથી જુદો જીવ જાણતું જાગીરે
ભવ દુઃખ ભંજન નાથ નીરંજન અરે અર્જ ઉર ધારોરે
દેવ કૃપા કરો સેવક પતિ આ શંકર તો ઉગારોરે—ભલા૦

૮

શું કરવું છે રાણા શું કરવું છે, હીરા માણેકને મારે
શું કરવું છે.
ધ્યાન તો ધણીનું મારે ધરવું છે રાણા (૨)
વરતો વિઠ્ઠલને મારે વરવું છેરે-- હીરા૦
હીર ને ચીર મારે કામ ન આવે રાણા (૨)
ભગવી ચાદર ઓઢી મારે ફરવું છેરે--- હીરા૦
સોનાનો ચુડો મારે કામ ન આવે રાણા (૨)
અજર ચુડેથી અમર મારે બનવું છે રે— હીરા૦
મોતીની માળા મારે કામ ન આવે રાણા (૨)
તુલસીની માળા પેહેરી મારે તરવું છેરે— હીરા૦
મેડી મહોલાતુ મારે કામ ન આવે રાણા (૨)
ચોરે ચોવટડે હવે મારે ફરવું છેરે-- હીરા૦

મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ વ્હાલા (૨)
સંતોને ચરણે જોઈ મારે તરવું છે રે- હીરા૦

૯

તમે ગીરધર (૨) ગોવીંદ માશરે આવજો વારે
શરણુ તમારૂં શામળીયા અબળાના આધાર
ભકત તણી લેજો ભાળ પ્રભુજી વિનવું વારંવારરે-તમે૦
કૃપા કરીને કષ્ટ વિદારો અખીલ વિશ્વાધાર
માંજારીનાં બાળ ઉગાર્યા નમું એજ કૃષ્ન આ વારરે-તમે૦
મીરાંને મન વસીયા મોહન વેલી કરો મુજ વાર,
આશરો અબળાને તારો, નિરંજન નિરાકારરે-તમે૦

૧૦

ભાવે ભજું હું તો ગીરધર લાલજી
દરપણમાં દેખું દીનદયાળજી- ભાવે૦
મોહનજીની મનહર મુરતી
અંતરમાં વશી શ્યામની સુરતી
જ્યાં જોઉં ત્યાં એજ કુંવરજી- ભાવે૦

ઓડાણાની બાંય થહી તેં
સુદામાની સ્હાય કરી તેં
વારે મીરાંની વ્હેલા આવો વિઠલજી - ભાવે૦

૧૧

ગોવીંદ મારા ગીરધર લાલ ગોપાળ
સંતો ભાઈ ભજો કૃષ્ન કીરતાર
નૃસિંહ રૂપ દીનેનાથે ધરીને હીરકસ્યપુ માર્યો-હાર
દુરવાસા ગયા અમરીષ ઘેરે ચક્ર પાછવી કરી સાર-
સંતો૦

ભજનહાર ભજનાર હું છું તજનહાર તજનાર
સુરદાસ સદા પ્રભુ ચરણમાં ઉતારો ભવપાર—સંતો૦

૧૨

રાહિંરે બાંધુ રે રાણા નામ ન જાણું પરણી મારા
પ્રભુને સંગાત.

બીજાના મીંઢળ નહિં રે બાંધુ,
ચારે ચારે જુગનો રાણા ચોરી ચીતરાવો,
પરણું લીલવડા માંડવ હેઠ—બીજાં૦

ધર્મના ધોરીઠાને પશ્ચિમના જાનૈયા,
સંતની તું જાન રડી સોંઢાડ—બીજા૦
તનના તરાગડાને કરણી વર માળા,
મંગળ વરતાવે એ ને ચાર—બીજા૦
સતનું કાંકણીયું મારા સદ ગુરૂ બાંધે,
કોણ છે છોડાવણ બીજો હાર.—બીજા૦
બાઈ મીંરા કહે પ્રભુ ગીરધરના ગુણ,
વરતો પ્રામી હું ગીરધર રાય—બીજા૦

૧૩

ભક્ત વત્સલ મારો રામ (૩)
દિન દયાળ એ દીસમાન,
શરણ મારે એક શામળીયાનું સાચું,
પળે પળે રટું એ ઘન શ્યામ (૩)—ભક્ત૦
રામા અવતારે પ્રભુ એ રાક્ષસ રણે રોળ્યા,
એ તો મારા ઉર અભીરામ (૩)—ભક્ત૦
મીંરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચહું તારૂં શ્યામ (૩)—ભક્ત૦

૧૪

રાણાજી છો રૂઢીયાળા, કરમાં ગ્રહી હરિની માળા—રાણા૦
છે સ્વાર્થી સગાં સંબંધી, કાયા કુકર્મી ગંદી
લોભાણા શું લટકાળા— રાણાજી૦
તમે તજો ગુમાન તમારૂં
માની વચન શુભ મારૂં
છબીલા દીસો છોગાળા— રાણાજી૦

૧૫

આધાર છે અબળાનેરે અંતરયામી અવીનાશી—આધાર૦
જમનાને કાંઠે વ્હાલો ધેનુ ચરાવે એતો
મોરલી મધુર મુખે વગાડે વીલાસી—આધાર૦
મોર મુગટ માથે પીતામ્બર તનપર
કાને કુંડળ શોભે નાથ પ્રવાસી—આધાર૦
મીરાંબાઈ કહે પ્રભુ ગીરધરના ગુણ
સંત ચરણની હું તો સદા છું દાસી—આધાર૦

૧૬

જ્ઞાન લાગ્યું ગોવીંદ કેરૂં ધ્યાન ધરૂં પ્રીતે પ્યારૂં—જ્ઞાન૦
સર્વ સ્થળે વ્યાપ્તમાનએ તો પ્રભુ ગુણનીધાન
ભાન ભુલી ગઇ સાન પુર્વ જન્મ પ્રીત ભાળું—જ્ઞાન૦

૧૭

પાપી પોરાના જનરે જુઓને મેલા મનનાં હાં.
દુનિયાદારી મેલાને ત્યાગી પણ મેલા હાં
મેલા સબંધી લોભી ધનનાં— પાપી૦
ગુરૂજન પણ મેલા ને શેઠપણ મેલા હાં
મેલા સેવક દ્રોહી અનના— પાપી૦
સતીયાને પીડા ને જુઠાણું જોરમાં હાં
રખવાળો કાયર તનના— પાપી૦

૧૮

શી વિસ્મય કારી કૃતિ રતિ રે જય જય જગતપતિઃ
શુદ્ધ બુદ્ધ જાય લજાય વિબુધપતિ,
ગૃતી પણ ગોતી શકે નવ વિધી મતીરે—જય૦
નીતીની નોકા કરી તૃષ્ણાનું કર્યું અંગ,
એવ્યુદભુત ભવસાગરે. અકળ ઝેળાનો જંગ-શુદ્ધ૦
સેવકનો સ્વામી કરે સ્વામી તે કરે સેવ,
કર્મ કાંડના નાટ્યમાં વિશ્વપતિ તુજ ટેવ-શુદ્ધ૦

૧૯

સંતોને સંતાપતાં પામીશ દુઃખ અપાર
સતિયાને દુભાવતાં કાઢીશ નહિં કંઈ સાર
જરી વિચારમાં અરે હાં. (૨)
તુજ પાપ કર્મ જો વિચારી
બીજાની ચાહે બુરી તેજ તારી છે થવાની
ઇશ્વરને ઘેર ન્યાય છે નહિં તુજ સમ અન્યાય
સતીયા સ્વર્ગે વીચરે પામર નરકે જાય.—જરી૦
જાતાં કાળ મુખે જીવ વિમાસણ કરવી પડે
પડતાં ફાની દેહ જયારે યમદુત આવી નડે—જરી૦

૨૦

રામ રામ ઉરમાં રટો સફળ થાય સંસાર
ભવ જન તારણ ભવપતિ ઉતારે ભવપાર
રામ જરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી જીનકી ચાકરી એસા ઉનકો દેત
મહા સતિ મીરા મરે આ અવની મોઝાર
દરશનસેં પાવન હુવો સફળ ભયો અવતાર.

૨૧

ગુમાનીના ઘેલારે આવરદા તારી વહી જશે રે
હજી એ નરતું ચેતી શકે તો એ ચેત—ગુમાની૦
વળીરે વસે કેડે વનીતાને વળગી રહ્યા રે
તેમાં તું કાંઇ ભજવા ભુલ્યો ભગવાન- ગુમાની૦
પાંચ ને પચીસ તાશ પ્રપંચમાં ગયા
આવ્યો તારો સાઇઠ કેરો રે દીન- ગુમાની૦
એ મને કાંઇ કરતાં રે આવ્યો તારો વાયદો
પછી એ તારા મુખડામાં પડી લઇને ધૂળ-ગુમાની૦
ભણ્યાં ને ગણ્યારે કાંઇ ભવમાં ભુલા પડયા
ભુલ્યા ભલા પંડીત જાણુ સુજાણ- ગુમાની૦

૨૨

મુરખા ગયો જનમ આ તારો માથે પાપ તણો બાંધ્યો
ભારો રે—મુરખા૦
નામ સાંભળતાં નીદ્રાજ આવે હરિરસ લાગે છે
ખારો રે—મુરખા૦
અમૃત રસને અળગો કરીને વિષનાં કર્યા તેં
વેપારો રે—મુરખા૦

મોહીત થઇને માયા ખરચે તેમ, સગા સંબંધી કહે
સારો રે—મુરખા૦
સાધુ દેખીને મોઢું સંતાડે એનો ધુવે છે તું
ગારો રે—મુરખા૦
ધર્મના દુત જ્યારે ધકાજ દેશે ત્યારે નથી એકે
આરો રે—મુરખા૦

૨૩

આંખોના અંધા નજરેથી જોયું ના નીહાળી
ચોરાશી ફેરા ફરવાનું માથે લીધું વોરી રે—આંખોના૦
ઉદ્યમ અર્થે અધર્મ કરતાં પુંઠ ફરી નો વાળી
અલ્પ આયુષ્ય આ અવનીમાં છે માયામાં રહ્યા માણીરે—આં૦
જન્મ મરણ ને ગર્ભવાસનું એ નવ શકીયો વાળી
માત પીતા યુવતિની સંગે વિસાર્યા વનમાળી રે—આંખોના૦

૨૪

વ્હાલા શ્રી વૃજચંદ રજની રમે રે ઉમંગમાં
એવા આનંદ કંદ દિલડું હરે રતી રંગમાં
ચાલો જઇએરે સૈયર સંગમાં— વ્હાલા૦

મોર મુગટ શીર શામળો કામણગારો કાન
અલબેલો અંતર હરા ગોપી જીવન પ્રાણ
નિત નિત વનલીલા કરે વ્હાલો નવલે નેહ
શ્રી ગોવીંદ નિહાળવા તલફે તારૂણી દેહ
એ ઓપ સખા સુખકારી એ શ્યામ છબીપર વારી
ચાલો જઇએરે સૈયર સંગમાં— વ્હાલા૦
કામની કર તાળી દઇ ફરતી નમણે નેણ
વ..ળીને વીનવવા વ્હાલા વદતો વેણ
તુંહી તુંહી બોલે બાંસરી મનહરણી સુંદીર
એ બંસીના નાદથી થંભ્યા જમુના નીર
જ્યાં રાસ રમે ગીરધારી જોઇ વ્યાકુળ થઇ વૃજ નારી
ચાલો જઇએરે સૈયર સંગમાં— વ્હાલા૦

૨૫

હરિ નામ પ્રાણી રટના ત્યાગે કયું નહિ સોરકા ચલનારે હરિ૦
કૃષ્ણ હળધર રામ ગુંસાઇરે વોભી અમર રહે નહિં ભાઇ
જૈસે અજ કસાઇ કર માંહીરે વયસે જગત કાળ સુખમાંહી
નહિં પલકા ભરૂંસા કરનારે— હરિ૦

સબ સગે પ્રાનકે રાગીરે પીતુ માતા હેવે સબ ત્યાગી
પીટે પીટના સ્વાર્થ કાજેરે કરે રૂદન અનુઆ સમાજે
પીછે ચુકે નામ સમરનારે— હરિ૦

કોટી દૌલત કામ ન આવેરે જયસા આયા હે વયસા જાવે
કાહે યદપી છલકી ઘટનારે એક પેટકે કારણ કરના
નહિં નીતી પંથ પરહરનારે— હરિ૦

મૈહી ભેખસેં શીખ હમારીરે લેના સમજમેં ખરનારી
જેસે વિષમે અમૃતકી આશારે વયસે જાનો જગતકા તમાસા
પરદા ગફલતકા પરહરનારે— હરિ૦

સચ્ચા એકહી હય પરમાત્મારે વાકા વાણી વેદ ગુણગાતા
મદ કામ ક્રોધ મોહ મારીરે લેના ઉસકા શરણ સુખકારી
લગે જન્મ મરણુ ખટપટ નારે— હરિ૦

